# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૯/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **૧૫૦+ લક્ષ્યાંક સાથે સુરત (પશ્ચિમ), વરાછા અને ઓલપાડ વિધાનસભાના ઉમેદવારો આજે વિજય મૂહુર્તમાં ફોર્મ ભરશે.**
- **૧૫૦૦ યુવાનો અને મહિલાઓ હાથમાં કમળના ફૂલ સાથે તેમજ ૧૫૦ મહિલાઓ મહેંદી મુકી સુરત (પશ્ચિમ) વિધાનસભાના ઉમેદવાર શ્રી પૂર્ણેશભાઈ મોદી સાથે રેલી આકારે અડાજણ થી નાનપુરા સુધી પ્રસ્થાન કરશે.**
- **વરાછાના લોકલાડીલા ઉમેદવાર શ્રી કુમારભાઈ કાનાણી સુરત રેલ્વે સ્ટેશન ખાતે હજારો કાર્યકર્તાઓની હાજરીમાં સરદાર સાહેબની પ્રતિમાને માલ્યાર્પણ કરી વિજય મૂહુર્તમાં જિલ્લા સેવા સદન ખાતે ફોર્મ ભરશે.**

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

“અડીખમ ગુજરાત”, “હું છું વિકાસ, હું છું ગુજરાત”ની નેમ સાથે ભારતીય જનતા પાર્ટીના સુરત (પશ્ચિમ), વરાછા અને ઓલપાડના ઉમેદવારો વિજય મૂહુર્તમાં સોમવારે સવારે ફોર્મ ભરશે.

સુરત (પશ્ચિમ) વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર શ્રી પૂર્ણેશભાઈ મોદી સોમવારે સવારે ૧૦:૩૦ કલાકે મક્કાઈ પુલ, જય અંબે મંદિર પાસે આવેલ કોર્પોરેટર શ્રી નિરવભાઈ શાહની ઓફિસેથી ફોર્મ ભરવા રેલી આકારે પ્રસ્થાન કરશે. આ દરમ્યાન આદરણીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહનું લક્ષ્ય ૧૫૦+ના લક્ષ્યાંક સાથે ૧૫૦૦ યુવાનો અને મહિલાઓ હાથમાં કમળનું ફૂલ લઈ તેમજ ૧૫૦ બહેનો હાથમાં મહેંદી મુકી સુરત (પશ્ચિમ) વિધાનસભાના ઉમેદવાર શ્રી પૂર્ણેશભાઈ મોદી સાથે રેલી આકારે અડાજણ થી પ્રસ્થાન કરશે. નાનપુરા ડચ ગાર્ડન પાસે આવેલ જી.આઈ.ડી.સી. કચેરી ખાતે વિજય મૂહુર્તમાં ફોર્મ ભરશે.

વરાછા વિધાનસભાના લોકલાડીલા ઉમેદવાર શ્રી કુમારભાઈ કાનાણી હજારો કાર્યકર્તાઓ સાથે સોમવારે સવારે ૧૦ કલાકે સરથાણા જકાતનાકા થી બાઈક રેલી સ્વરૂપે સુરત રેલ્વે સ્ટેશન ખાતે આવશે. સુરત રેલ્વે સ્ટેશન સ્થિત સરદાર સાહેબની પ્રતિમાને માલ્યાર્પણ કરી ફોર્મ ભરવા અઠવાલાઈન્સ સ્થિત જિલ્લા સેવા સદન ખાતે જશે.

ઓલપાડ વિધાનસભાના લોકલાડીલા ઉમેદવાર શ્રી મુકેશભાઈ પટેલ પોતાના સમર્થકો સાથે મધ્યસ્થ કાર્યાલયથી ઓલપાડ મામલતદાર કચેરી ખાતે વિજય મૂહુર્તમાં ફોર્મ ભરવા જશે. આ પ્રસંગે પ્રદેશ સીનીયર સીટીઝન સેલના કન્વીનર શ્રી ડૉ. કનુભાઈ માવાણી ખાસ ઉપસ્થિત રહેશે.